શ્રી સર્વોદય કેળવણી મંડળ, ભાયાવદર સંચાલીત

# શ્રી એચ. એલ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ભાયાવદર

સ્ટેશન રોડ, તા. ઉપલેટા, જી. રાજકોટ ફોન નં. (૦૨૮૨૬) ૨૭૪૪૪

---

પ્રતિ,

આચાર્ય શ્રી

.............................................................................

વિષય : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધામાં એન્ટ્રી મોકલવા બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધાનું સંચાલન કરવાની જવાબદારી યુનિવર્સિટીએ અમારી કોલેજને સોંપેલ છે. આપશ્રીની કોલેજની ટીમ આ કબડ્ડી સ્પર્ધામાં ભાગ લેશે તો અમોને આનંદ થશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટેની અરજી નીચે દર્શાવેલ વિગત મુજબ એલીજીબીલીટી ફોર્મ – ફી સાથે તા. ૧૪/૦૮/૨૦૧૭ સુધીમાં કોલેજના એડ્રેસ ઉપર જમા કરવાની રહેશે.

| સ્પર્ધાનું નામ | સ્પર્ધા તારીખ | સ્પર્ધા શરૂ થવાનો સમય | સ્પર્ધાનું સ્થળ |
|---|---|---|---|
| કબડ્ડી (ભાઈઓ) | ૨૦–૦૮–૨૦૧૭ | સવારના ૭–૩૦ કલાકે | કોલેજ કેમ્પસ, ભાયાવદર |

**<u>જરૂરી સૂચનાઓ :–</u>**

(૧) સ્પર્ધા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિયમોનુસાર રમાશે, પંચનો નિર્ણય આખરી રહેશે.

(૨) દરેક ખેલાડીએ એલીજીબીલીટી ફોર્મ સાથે પાસ કરેલ છેલ્લી પરીક્ષાની માર્કશીટ, આધાર કાર્ડ, સ્કુલ લિવિંગ સર્ટિફીકેટ(આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલ નકલ) જોડવા ફરજીયાત છે.

(૩) રેફરી ચાર્જ મેચ પહેલા, સ્પર્ધા સ્થળે રોકડેથી જમા કરાવવાનો રહેશે.

(૪) કબડ્ડી ટીમ સાથે કોચ તથા મેનેજરશ્રીએ આવવું ફરજીયાત છે.

(૫) સ્પર્ધાને અનુરૂપ ડ્રેસ ફરજીયાત પહેરવાના રહેશે.

(૬) સ્પર્ધાનો ડ્રો સ્પર્ધા સ્થળે તા. ૨૦/૦૮/૨૦૧૭ના સવારના ૭–૦૦ કલાકે કરવામાં આવશે.

(૭) સ્પર્ધામાં ભાગ લેવા માટેની અરજી એલીજીબીલીટી ફોર્મ – ફી સાથે તા. ૧૪/૦૮/૨૦૧૭ સુધીમાં કોલેજના એડ્રેસ ઉપર જમા કરવાની રહેશે. અનિવાર્ય સંજોગોમા ફોન દ્વારા સંપર્ક કરવાનો રહેશે. સ્પર્ધાના સમયે સ્થળ પર એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(૮) સ્પર્ધાના સમયે ભોજન તથા નિવાસ માટે તા. ૧૮/૦૮/૨૦૧૭ સુધીમાં અચૂક જાણ કરવાની રહેશે, અન્યથા કોઈ જ પ્રકારની વ્યવસ્થા થઈ શકશે નહીં.

(૯) અનિવાર્ય સંજોગોમાં સ્પર્ધાના આયોજનમા કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો અધિકાર આયોજકશ્રીને રહેશે.

**<u>–:સંપર્ક :–</u>**

| શ્રી જેનીશ એસ. ભોજાણી(પી.ટી.આઈ.) | ડો. એમ. ડી. સવસાણી (પ્રિન્સિપાલશ્રી) |
|---|---|
| મો. નં. ૯૦૬૭૯૭૫૩૯૭ | મો. નં. ૯૪૨૯૩૭૬૪૭૪ |

**<u>નકલ રવાના :</u>**

૧. કુલ સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી–રાજકોટ

૨. શારીરિક શિક્ષણ નિયામકશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી –રાજકોટ

૩. આચાર્યશ્રીઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો તથા વિવિધ ભવનો

૪. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી –રાજકોટ

૫. નાયબ હિસાબી અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી –રાજકોટ

૬. અખબારી યાદી સ્વરૂપે, યોગ્ય પ્રસિધ્ધિ અર્થે